RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI
Volume : 10
Issue : 096
Dt.: 10-02-2026,
Tuesday
Page:04
Rs.00.50 paisa



# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

બ્રિટનના પ્રિન્સ એન્ડ્રુનો શાહી દરજ્જો છીનવાયો

## એપ્સટીન ફાઈલના સમગ્ર યુરોપમાં પડઘા, સરકારો ડગમગી

### ફાઈલોમાં થયેલા ખુલાસાથી રાજકુમાર, વરિષ્ઠ રાજદ્વારીઓ અને ટોચના રાજકીય નેતાઓ સહિતના હાઈપ્રોફાઈલ લોકોની કારકિર્દીનો અંત આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન, અમેરિકાના સેક્સ અપરાધી જેફરી એપ્સટીન સંબંધિત જારી કરાયેલી સંખ્યાબંધ ફાઈલોથી અમેરિકામાં પ્રેસિડન્ડ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રને કોઈ વિશેષ અસર થઈ નથી, પરંતુ તેના સમગ્ર યુરોપમાં પડઘા પડ્યા છે. આ ફાઈલોમાં થયેલા ખુલાસાથી રાજકુમાર, વરિષ્ઠ રાજદ્વારીઓ અને ટોચના રાજકીય નેતાઓ સહિતના હાઈપ્રોફાઈલ લોકોની કારકિર્દીનો અંત આવ્યો છે તથા અનેક દેશોમાં રાજકીય અને ગુનાહિત તપાસ ચાલુ થઈ છે.બ્રિટનમાં પ્રિન્સ એન્ડ્રુનો શાહી દરજ્જો છીનવાયો હતો, જ્યારે અમેરિકા ખાતેના યુકેના ભૂતપૂર્વ રાજદૂત પીટર મેન્ડેલસને હાઉસ ઓફ લોર્ડ્સમાંથી રાજીનામું આપવું પડવું પડ્યું હતું. મેન્ડલસન સામે હવે ફોજદારી તપાસ ચાલુ થઈ છે, જ્યારે બ્રિટિશ વડાપ્રધાન કેર સ્ટાર્મર તેમની નિમણૂકને લઈને સંકટનો સામનો કરી રહ્યાં છે. મેન્ડલસન શાસક લેબર પાર્ટીના પીઢ નેતા અને એક સમયે તેમની પેઢીના સૌથી પ્રભાવશાળી રાજકારણી હતાં. કિશોરી સાથે સંકળાયેલા જાતીય ગુનાઓ માટે એપ્સટીનને ૨૦૦૮માં જેલની સજા પછી પણ ઘણા વર્ષો સુધી તેમને આ ગુનેગાર સાથે સંપર્ક જાળવી રાખ્યો હતો. યુરોપમાં નોર્વે જેવા કેટલાંક દેશોમાં અસ્થિરતા ઊભી થઈ હતી. નોર્વેના આર્થિક ગુના એકમે ભૂતપૂર્વ PM થોર્બજોર્ન જેગલેન્ડ સામે ભ્રષ્ટાચારની તપાસ ચાલુ કરી હતી. તેઓ એક સમયે નોબેલ શાંતિ પુરસ્કાર સમિતિના વડા પણ હતાં. નોર્વેના હાઈપ્રોફાઈલ રાજદ્વારી દંપતી પણ ફસાયા છે. ૨૦૧૯માં ન્યૂયોર્ક જેલમાં મૃત્યુના પહેલા એપ્સટીને વસિયનામામાં આ દંપતીના બાળકોના નામે એક કરોડ ડોલર રકમ વારસામાં આપી હોવાનું બહાર આવ્યા પછી જુલને જોર્ડનમાં નોર્વેના રાજદૂત તરીકે સસ્પેન્ડ કરાયા હતાં.

નોર્વેના રાજવી પરિવારમાં પણ વિશ્વાસ ડગમગી ગયો છે. ફાઈલોમાં એપ્સ્ટેઈન અને ક્રાઉન પ્રિન્સેસ મેટ-મેરિટ વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધોનો ઉલ્લેખ કરાયો છે. તેથી તેમણે માફી માગવી પડી હતી. સ્લોવાકિયામાં ભૂતપૂર્વ વિદેશ પ્રધાન મીરોસ્લાવ લાજકે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર પદેથી રાજીનામું આપ્યું હતું. સ્વીડનમાં યુએન અધિકારી જોઆના રુબિનસ્ટીને પણ હોદ્દો છોડવો પડ્યો હતો. લાતવિયા, લિથુઆનિયા અને પોલેન્ડે આ દસ્તાવેજોની વ્યાપક સત્તાવાર તપાસ શરૂ કરી છે. પોલેન્ડે રાષ્ટ્રીય સુરક્ષાના એન્ગલથી તપાસ ચાલુ કરી છે.આ દસ્તાવેજોમાં રશિયાના હજારો સંદર્ભો અને પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિનના ઉલ્લેખો હોવાના અહેવાલ છે.રસપ્રદ બાબત એ છે કે પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભૂતપૂર્વ પ્રેસિડન્ટ બિલ ક્લિન્ટન જેવા દિગ્ગજોના નામો આ ફાઈલમાં હોવા છતાં અમેરિકાની સરકારને કોઈ અસર થઈ નથી. જોકે ભૂતપૂર્વ યુએસ નાણાપ્રધાને લેરી સમર્સે શૈક્ષણિક ભૂમિકાઓ છોડવી પડી છે, જ્યારે લો ફર્મ પોલ વેઈસના ચેરમેન બ્રેડ કાર્પે રાજીનામું આપ્યું હતું. ભૂતપૂર્વ પ્રેસિડન્ટ બિલ ક્લિન્ટનને સંસદમાં જુબાની આપવાની ફરજ પાડવામાં આવી છે, જ્યારે ટ્રમ્પ સામે એપ્સ્ટેઈન સાથેના તેમના ભૂતકાળના સંબંધો વિશે સવાલનો સામનો કરવો પડી રહ્યો છે.

## ભારત સામે રમવા પાકિસ્તાને ICC સામે ૩ મોટી શરતો મૂકી

### અત્યાર સુધી બહિષ્કારની ધમકી આપનાર પાકિસ્તાને હવે ICC સામે શરતો મૂકીને સોદાબાજી શરૂ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ, ભારત અને પાકિસ્તાન વચ્ચે ટી-૨૦ વર્લ્ડ કપના મહામુકાબલાને લઈને ચાલી રહેલી મડાગાંઠમાં હવે નવો વળાંક આવ્યો છે. અત્યાર સુધી બહિષ્કારની ધમકી આપનાર પાકિસ્તાને હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) સામે શરતો મૂકીને સોદાબાજી શરૂ કરી છે.

રવિવારે રાત્રે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં ICCના ઉપાધ્યક્ષ ઈમરાન ખ્વાજા, PCB ચીફ મોહસિન નકવી અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ના અધ્યક્ષ અમીનુલ ઈસ્લામ બુલબુલ વચ્ચે લાંબી બેઠક ચાલી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં યોજાનારી ભારત-પાકિસ્તાન મેચને બચાવવાનો હતો. જોકે, આ મીટિંગમાં કોઈ અંતિમ સમજૂતી થઈ શકી નથી, પણ પાકિસ્તાને તેનો પક્ષ નરમ પાડીને શરતોનું લિસ્ટ પકડાવી દીધું છે.

PCBની એ ૩ શરતો જેણે ICCને વિચારતા કરી દીધા. રિપોર્ટ્સ મુજબ, પાકિસ્તાને ભારત સામે મેચ રમવા માટે ઁઝઝ સામે ત્રણ મુખ્ય માંગણીઓ રાખી છેઃ

BCB માટે વળતરઃ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને થયેલા નુકસાનનું વળતર અપાવવું.

પાર્ટિસિપેશન ફીઃ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટેની ફીમાં વધારો અથવા વિશેષ ભથ્થું.

યજમાનીના અધિકારઃ ભવિષ્યમાં આયોજિત થનારી ICC ટ્રોફી કે ઈવેન્ટ્સના યજમાનીના અધિકારોની ખાતરી આપવી.

જોકે એક રિપોર્ટમાં એવો દાવો કરાયો છે કે પાકિસ્તાને ICC સમક્ષ આવી પણ ત્રણ ડિમાન્ડ મૂકી છે જે નીચે મુજબ છે.

૧ - પાકિસ્તાનને વર્લ્ડ બોડી કરતાં વધું રેવન્યૂ જોઈએ છે.

૨ - ભારત સથે દ્વિપક્ષીય ક્રિકેટ રિલેશન ફરી શરૂ કરવામાં આવે.

૩ - ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ખેલાડીઓ પાકિસ્તાનના ખેલાડીઓ સાથે હેન્ડશેક કરે.

થોડા દિવસો પહેલા જ પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે જાહેરાત કરી હતી કે પાકિસ્તાન ભારત સામે વર્લ્ડ કપમાં નહીં રમે.

પરંતુ એક્સપર્ટ્સ પહેલેથી જ માનતા હતા કે આર્થિક ભીંસમાં ફસાયેલું પાકિસ્તાન આટલું મોટું નુકસાન વેઠી શકે તેમ નથી. હવે પાકિસ્તાન કન્ડિશનલ સહમતી દર્શાવી રહ્યું છે, જે એ વાતનો સંકેત છે કે ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોના મેદાનમાં ભારત અને પાકિસ્તાન આમને-સામને જોવા મળી શકે છે.

વર્લ્ડ કપમાં અત્યાર સુધી બંને ટીમોના ફોર્મની વાત કરીએ તો, પાકિસ્તાન માંડ-માંડ નેધરલેન્ડ્સ સામે જીત્યું છે, જ્યારે ભારતને પણ અમેરિકા સામે જીતવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો.

## 'મુસ્લિમ ટોપીવાળા પર ફાયરિંગ'ના આસામ ભાજપના વીડિયોથી વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગુવાહાટી, આસામ પ્રદેશ ભાજપ દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક વીડિયોને કારણે દેશમાં એક મોટો રાજકીય અને સામાજિક વિવાદ પેદા થયો છે. આ વીડિયોમાં આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સર્મા એક એર રાઈફલ સાથે મુસ્લિમ ટોપી પહેરેલા લોકો પર નિશાન તાકીને ગોળી ચલાવતા જોવા મળી રહ્યા છે. જોકે ભારે વિરોધ બાદ આ વીડિયો ડિલીટ કરી દેવામાં આવ્યો છે, પરંતુ આ વીડિયોને લઈને લોકોનો ગુસ્સો શાંત પડ્યો નથી.આસામ પ્રદેશ ભાજપના અધિકૃત 'એક્સ' હેન્ડલ પરથી શેર કરાયેલા આ વીડિયોમાં કેટલીક વાંધાજનક બાબતો દર્શાવવામાં આવી હતી. વીડિયોમાં મુખ્યમંત્રીને મુસ્લિમ સમુદાયના લોકો જેવા દેખાતા પાત્રો પર ગોળી ચલાવતા દેખાડવામાં આવ્યા. વીડિયોની ટેક્સ્ટમાં 'વિદેશી મુક્ત આસામ', 'કોઈ દયા નહીં' અને 'તુમ પાકિસ્તાન ક્યોં નહીં ગયે' - જેવા નારા લખેલા હતા. તેને 'પોઈન્ટ બ્લેન્ક શોટ' કેપ્શન સાથે શેર કરાયો હતો. આ વિવાદિત વીડિયો સામે આવતા જ વિપક્ષી નેતાઓએ તેને 'ઘૃણા ફેલાવનારા' તરીકે જાહેર કર્યો છે. કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતે આ વીડિયોને હિંસા ભડકાવનાર તરીકે જાહેર કર્યો અને વડાપ્રધાન મોદી પાસેથી જવાબ માગ્યો છે. ટીએમસી સાંસદ સાગરિકા ઘોષે આ જાહેરાત બનાવનારાઓની તરત ધરપકડ કરવાની માંગ કરી છે.માનવાધિકાર કાર્યકરોએ આક્ષેપ લગાવ્યો કે, આ વીડિયો એક ખાસ સમુદાય વિરુદ્ધ હિંસાને સામાન્ય બનાવવાનો પ્રયાસ છે. તેમણે તેના વિરુદ્ધ પોલીસ અને કોર્ટના દરવાજા ખટખટાવ્યા. જમીયત ઉલેમા-એ-હિન્દે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને કહ્યું છે કે બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ દ્વારા આવું વર્તન સાંપ્રદાયિક ઘૃણા ફેલાવનારું છે. આ વિવાદ મુખ્યમંત્રી સર્માના એવા નિવેદનો વચ્ચે આવ્યો છે જેમાં તેમણે વારંવાર બંગાળી ભાષી મુસ્લિમોને ટાર્ગેટ બનાવ્યા છે. તાજેતરમાં સર્માએ કહ્યું હતું કે તેઓ મિયા સમુદાયને પરેશાન કરશે. વિવેચકોનો મત છે કે આવા વીડિયો અને નિવેદનો તે ભારતીય નાગરિકો સામે ડરનું વાતાવરણ સર્જે છે, જે દાયકાઓથી આસામમાં રહે છે, પરંતુ તેમને ઘણી વખત 'વિદેશી' કહી અપમાનિત કરવામાં આવે છે. જોકે, વિવાદ વકર્યા પછી આસામ પ્રદેશ ભાજપે વીડિયોને હટાવી દીધો છે, પરંતુ ત્યાં સુધીમાં આ વિવાદિત વીડિયોને એક્સ પર ૨.૭ લાખથી વધુ વ્યૂઝ મળી ચૂક્યા હતા.

કેનેડામાં ખાલિસ્તાનીઓની ફિલ્ડિંગ સેટ

## અજિત ડોભાલે નતાલી સાથે બેઠકમાં ડીલ કરી ડન!

### બંને દેશો રાષ્ટ્રીય સુરક્ષા, ડ્રગ્સની હેરફેર અને આંતરરાષ્ટ્રીય ગુનાહિત નેટવર્કને રોકવા માટે પરસ્પર સહયોગ વધારવા સંમત થયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કેનેડા, ભારત અને કેનેડા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા રાજદ્વારી તણાવ બાદ હવે સંબંધોમાં સુધારો જોવા મળી રહ્યો છે.

ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ અને કેનેડાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર નતાલી ડ્રોઈન વચ્ચે શનિવારે (સાતમી ફેબ્રુઆરી) ઓટાવામાં એક હાઈ-પ્રોફાઈલ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બંને દેશો રાષ્ટ્રીય સુરક્ષા, ડ્રગ્સની હેરફેર અને આંતરરાષ્ટ્રીય ગુનાહિત નેટવર્કને રોકવા માટે પરસ્પર સહયોગ વધારવા સંમત થયા છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યાનુસાર, બંને દેશોએ કાયદાના અમલીકરણ અને રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ પર સાથે મળીને કામ કરવા માટે એક સામાન્ય યોજના બનાવી છે. જેમાં આંતરરાષ્ટ્રીય અપરાધો અને ગુનાહિત નેટવર્કની માહિતી શેર કરવા માટે બંને દેશો ખાસ અધિકારીઓની નિમણૂક કરશે. ગેરકાયદે નશીલા પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે બંને દેશોની એજન્સીઓ વચ્ચે સીધો સંપર્ક સ્થાપિત કરવામાં આવશે. સાયબર સુરક્ષાના પડકારો અને ઈમિગ્રેશન ફ્રોડ જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા ચાલુ રાખવા માટે સહમતિ બની છે.

૨૦૨૩માં ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં ભારે ખટાશ આવી હતી. આ વિવાદ બાદ આ પ્રથમ પ્રસંગ છે જ્યારે બંને દેશો આટલા ઉચ્ચ સ્તરે સુરક્ષા અને સહયોગ માટે સંમત થયા હોય. આ પ્રયાસોને ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોને ફરીથી પાટા પર લાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે.

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર ડોભાલની આ મુલાકાત એટલા માટે પણ મહત્ત્વની છે કારણ કે કેનેડાના નવા વડાપ્રધાન માર્ક કાર્ની આવતા મહિનાની શરુઆતમાં ભારતની મુલાકાતે આવે તેવી શક્યતા છે. તે પહેલા આ સુરક્ષા કરાર થવાથી બંને દેશો વચ્ચેના વિવાદિત મુદ્દાઓ પર બરફ ઓગળશે તેવું માનવામાં આવી રહ્યું છે. વિદેશ મંત્રાલય અનુસાર, બંને દેશો નાગરિકોના રક્ષણ માટેની પહેલમાં થયેલી પ્રગતિને સ્વીકારે છે અને સ્થાનિક કાયદા તથા આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ હેઠળ છેતરપિંડી અને ઈમિગ્રેશનના મુદ્દાઓ પર સહયોગ કરવા સંમત થયા છે.

કાતિલ ઠંડીને લઈ હવામાનની આગાહી

## દેશના ઘણા રાજ્યોમાં વરસાદ અને બરફવર્ષાનું એલર્ટ જારી

### હવામાન વિભાગ કહે છે કે પર્વતોમાં ભારે હિમવર્ષા થઈ શકે છે, આનાથી મેદાની વિસ્તારોમાં ફરી એકવાર કાતિલ ઠંડી પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી, ફેબ્રુઆરીના આઠ દિવસ પછી પણ શિયાળાની ઋતુ પૂરી થવાને હજુ બાકી છે. હવામાન વિભાગે ચેતવણી જારી કરી છે, જેમાં ઠંડી ફરી આવવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ કહે છે કે પર્વતોમાં ભારે હિમવર્ષા થઈ શકે છે. આનાથી મેદાની વિસ્તારોમાં ફરી એકવાર કાતિલ ઠંડી પડશે. હવામાન વિભાગે પશ્ચિમી હિમાલયના રાજ્યોમાં હવામાનમાં ફેરફારનો સંકેત આપ્યો છે.

પશ્ચિમી વિક્ષેપ સતત ઉપરના વાતાવરણમાંથી હિમાલય પ્રદેશ તરફ આગળ વધી રહ્યો છે અને આજે (૯ ફેબ્રુઆરી) પર્વતીય રાજ્યોમાં પ્રવેશ કરશે. આ કારણે આજે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના પર્વતીય વિસ્તારોમાં બરફવર્ષા અને વરસાદની અપેક્ષા છે. આ વલણ ૧૦ અને ૧૧ તારીખ સુધી ચાલુ રહેવાની ધારણા છે. આ સમયગાળા દરમિયાન, પર્વતીય વિસ્તારોમાં ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

વરસાદની સાથે, હિમવર્ષાની ચેતવણી પણ આપવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ રહેવાસીઓએ સતર્ક રહેવાની જરૂર છે, કારણ કે આ વિસ્તારોમાં આજે (૯ ફેબ્રુઆરી) વરસાદ અને હિમવર્ષા બંનેનો અનુભવ થવાની ધારણા છે. હવામાન વિભાગે રહેવાસીઓને ઊનના કપડાં પહેરવાની અને ઠંડીથી પોતાને બચાવવાની સલાહ આપી છે. જોકે, દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ અને મહારાષ્ટ્રના મેદાની વિસ્તારોમાં કડકડતી ઠંડીથી થોડી રાહત મળી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી દિવસોમાં કાતિલ ઠંડીમાં વધારો થઈ શકે છે.

જોકે, પર્વતોમાં હિમવર્ષા શિયાળાનું પુનરાગમન લાવી શકે છે. પૂર્વી રાજસ્થાનના ફતેહપુરમાં લઘુત્તમ તાપમાન ૪.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું છે. ઉત્તર ભારતીયોને ધુમ્મસથી રાહત મળવાની શક્યતા ઓછી છે. દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના ઘણા વિસ્તારોમાં આજે અને કાલે (૧૦ ફેબ્રુઆરી) સવારે અને રાત્રે ગાઢ ધુમ્મસ રહેવાની ધારણા છે.

ઉત્તર પ્રદેશના બરેલી અને ગોરખપુરમાં વિઝિબિલિટી શૂન્ય સુધી પહોંચી શકે છે. હવામાન વિભાગની લેટેસ્ટ આગાહી અનુસાર, દેશના અનેક રાજ્યોમાં બરફ વર્ષા અને વરસાદને લઈ કાતિલ ઠંડીનો ચમકારો વધી શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હવામાનમાં પલટો આવી શકે છે. ઘણા રાજ્યમાં કાતિલ ઠંડીનો રાઉન્ડ શરુ થશે. ઉત્તર ભારતમાં ઠંડી ફરી તીવ્ર બનવાની આગાહી છે. હવામાન વિભાગ અનુસાર, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી-દ્મઝઈ અને રાજસ્થાનમાં લઘુત્તમ તાપમાનમાં મોટો ઘટાડો થવાની ધારણા છે.

## કોલેજના ક્લાસરૂમમાં ઘૂસી વિદ્યાર્થીએ વિદ્યાર્થિનીને માથામાં મારી ગોળી

પંજાબના તરન તારન જિલ્લામાંથી સોમવારે હચમચાવી નાખે એવી ઘટના સામે આવી છે. જેમાં ઉસમા ખાતે આવેલી લો કોલેજમાં એક વિદ્યાર્થીએ વિદ્યાર્થિનીને માથામાં ગોળી મારીને હત્યા કરી નાખી અને સેકન્ડમાં જ પોતાને પણ ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. આ ઘટના બાદ કોલેજ પરિસરમાં હડકંપ મચી ગયો છે અને વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

મૃતકની ઓળખ સંદીપ કૌર તરીકે થઈ છે, જ્યારે હુમલો કરનાર વિદ્યાર્થીની ઓળખ પ્રિન્સ રાજ તરીકે થઈ છે. ઘટનાના CCTV ફૂટેજ અનુસાર, પ્રિન્સ રાજ ક્લાસરૂમમાં પ્રવેશ કરે છે અને ત્યાં બેઠેલી સંદીપ કૌરના માથામાં ખૂબ જ નજીકથી ગોળી મારી દે છે. તરત જ તે ફરીથી પિસ્તોલ લોડ કરે છે અને પોતાના માથામાં ગોળી મારીને ત્યાં જ પડી જાય છે. બંનેનું કોલેજમાં જ મોત થઈ જાય છે. DSP જગબીર સિંહે જણાવ્યું કે, 'માઈ ભાગો લો કોલેજ'માં આ ઘટના બની છે. જેમાં એક વિદ્યાર્થીએ પોતાની સાથે અભ્યાસ કરતી વિદ્યાર્થિનીની હત્યા કરીને પોતે પણ આપઘાત કરી લીધો છે. પોલીસે બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડ્યા છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.



### ૫ નેતાને કાવતરાખોર ગણાવ્યા

# લાલુ યાદવના મોટા દીકરાએ પાર્ટીના ગદ્દારોની યાદી જાહેર કરી

## એવા પાંચ શક્તિશાળી નેતાઓના નામ જાહેર કર્યા છે, જેમને તેઓ પોતાની રાજકીય કારકિર્દીના ગદ્દાર માને છે

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા, બિહારની રાજનીતિમાં પોતાના બેબાક અંદાજ માટે જાણીતા તેજ પ્રતાપ યાદવે ફરી એકવાર RJD પાર્ટીમાં ખળભળાટ મચાવી દીધો છે. તેજ પ્રતાપે કોઈ પણ આડકતરી વાત કરવાને બદલે સીધા જ એવા પાંચ શક્તિશાળી નેતાઓના નામ જાહેર કર્યા છે, જેમને તેઓ પોતાની રાજકીય કારકિર્દીના ગદ્દાર માને છે.

તેજ પ્રતાપનો આરોપ છે કે આ પાંચેય નેતાઓ તેમના વિરુદ્ધ કાવતરાં કરી રહ્યા છે અને તેમને તેમના ભાઈ તેજસ્વી યાદવથી દૂર રાખવાના પ્રયત્નો કરી રહ્યા છે. તેજ પ્રતાપે આ નેતાઓને 'જયચંદ' કહીને સંબોધ્યા છે, જે સમાજમાં વિશ્વાસઘાતના પ્રતીક તરીકે ઓળખાય છે.

તેજ પ્રતાપની યાદીમાં મોખરે મુકેશ રૌશન છે, જેમના માટે તેજ પ્રતાપે પોતાની મહુઆ બેઠક છોડી હતી. ૨૦૧૫માં અહીંથી જીતનાર તેજ પ્રતાપે ૨૦૨૫માં ફરી આ જ બેઠક પરથી નસીબ અજમાવ્યું, પણ મુકેશ રૌશન અને તેજ પ્રતાપ બંને હારી ગયા. જે મુકેશ એક સમયે તેમના ખાસ ગણાતા, આજે તે જ તેમના નિશાના પર છે.

યાદીમાં બીજું નામ તેજસ્વીના રાઈટ હેન્ડ અને રાજ્યસભા સાંસદ સંજય યાદવનું છે. હરિયાણાના વતની સંજય યાદવ લાંબા સમયથી તેજસ્વીના રાજકીય સલાહકાર અને રણનીતિકાર છે. તેજ પ્રતાપનો આરોપ છે કે સંજય યાદવ જેવા બહારના લોકો જ ભાઈ-ભાઈને લડાવે છે અને તેમને મુખ્ય રાજનીતિથી દૂર રાખવાનું કાવતરું કરી રહ્યા છે.

તેજ પ્રતાપે ત્રીજા સ્થાને તેજસ્વીના અંગત સાથી રમીઝ નેમતનું નામ લીધું છે, જેઓ હંમેશા તેમની સાથે પડછાયાની જેમ રહે છે. તેજ પ્રતાપનો આરોપ છે કે રમીઝ માહિતી તોડી-મરોડીને રજૂ કરે છે અને તેજસ્વીના કાન ભરે છે. સંગઠનમાં રમીઝની વધતી વગથી તેજ પ્રતાપ નારાજ છે, ઉલ્લેખનીય છે કે અગાઉ તેજ પ્રતાપના મોટા બહેન રોહિણી આચાર્યએ પણ લાલુ પરિવારમાં રમીઝની દખલગીરી સામે સવાલ ઉઠાવ્યા હતા.

તેજ પ્રતાપે ચોથા સ્થાને ઈત્તફ્રના મુખ્ય પ્રવક્તા અને પૂર્વ ધારાસભ્ય શક્તિ સિંહ યાદવનું નામ આપ્યું છે. તેજ પ્રતાપનો આરોપ છે કે શક્તિ સિંહ જાહેરમાં પક્ષની તરફેણ કરે છે, પરંતુ અંદરખાને તેમની છબી બગાડવાનું કામ કરી રહ્યા છે. તેજ પ્રતાપ તેમની સક્રિયતા અને નિવેદનોને પોતાની અવગણના તરીકે જોઈ રહ્યા છે.

તેજ પ્રતાપે પાંચમા 'જયચંદ' તરીકે સ્ન્ઝ અને બિસ્કોમાનના અધ્યક્ષ સુનીલ સિંહનું નામ આપ્યું છે. લાલુ યાદવના વિશ્વાસુ અને રાબડી દેવીના મોં બોલ્યા ભાઈ ગણાતા સુનીલ સિંહ સાથે તેજ પ્રતાપને લાંબા સમયથી અણબનાવ છે. તેજ પ્રતાપનો આરોપ છે કે સુનીલ સિંહ પોતાની વગનો ઉપયોગ કરીને તેમનું રાજકીય કદ નાનું કરી રહ્યા છે. તેજ પ્રતાપના આ આકરા પ્રહારથી બિહારના રાજકારણમાં અને યાદવ પરિવારમાં નવા વિવાદના મંડાણ થયા છે.

તેજ પ્રતાપ યાદવે આ નેતાઓને 'જયચંદ' કહીને સંબોધ્યા છે, જે ભારતીય સમાજમાં વિશ્વાસઘાત અને ગદ્દારીનું સૌથી મોટું પ્રતીક માનવામાં આવે છે. જોકે, ઈતિહાસના પાનાઓમાં રાજા જયચંદને એક વીર યોદ્ધા તરીકે પણ ઓળખવામાં આવે છે, જેમણે ૧૧૯૪માં ચંદાવરના યુદ્ધમાં મોહમ્મદ ઘોરીનો સામનો કર્યો હતો. બીજી તરફ, તેમને પૃથ્વીરાજ ચૌહાણને દગો આપનાર તરીકે પણ દર્શાવવામાં આવે છે. તેજ પ્રતાપે આટલા કઠોર શબ્દોનો પ્રયોગ એટલે કર્યો છે જેથી તેઓ કાર્યકરોને સમજાવી શકે કે આ પાંચેય નેતાઓ પાર્ટીની અંદર 'વિભીષણ' અને 'જયચંદ' જેવી ભૂમિકા ભજવી રહ્યા છે.

### જાપાનના વડાપ્રધાન સાનાય તાકાઈચીની ઐતિહાસિક જીત

(સંપૂર્ણ સમાચાર સેવા)ટોકિયો, જાપાનના વડાપ્રધાન સાનાય તાકાઈચીના ગઠબંધને રવિવારે યોજાયેલી વિન્ટર સ્નેપ ચૂંટણીમાં ઐતિહાસિક વિજય મેળવ્યો હતો. કન્ઝર્વેટિવ નેતા સાનાય તાકાઈચી જાપાનના પ્રથમ મહિલા વડાપ્રધાન છે. તેમણે અગાઉ કહ્યું હતું કે તેઓ બ્રિટનની "આયરન લેડી" માર્ગારેટ થેચરથી પ્રેરિત છે. શાસક પક્ષના ઉમેદવારોએ સંસદની ૪૬૫ બેઠકોવાળા નીચલા ગૃહમાં ૨૩૩ બેઠકોના બહુમતી આંકડાને વટાવી દીધો. મતદાન પૂર્ણ થયાના બે કલાકથી પણ ઓછા સમયમાં LDP એ એકલા હાથે બહુમતી હાંસલ કરી હતી. આ પાર્ટીના અત્યાર સુધીના શ્રેષ્ઠ ચૂંટણી પરિણામોમાંનું એક માનવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાનાય તાકાઈચીને તેમની જીત બદલ અભિનંદન આપ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ X પર એક પોસ્ટમાં સાનાય તાકાઈચીને તેમની જંગી જીત બદલ અભિનંદન આપ્યા. તેમણે લખ્યું, "પ્રતિનિધિ ગૃહની ચૂંટણીમાં ઐતિહાસિક જીત બદલ સાનાય તાકાઈચીને અભિનંદન. અમારી ખાસ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારી વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે." વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું, "મને વિશ્વાસ છે કે તમારા સક્ષમ નેતૃત્વ હેઠળ ભારત-જાપાન મિત્રતા નવી ઊંચાઈઓ સુધી પહોંચશે."

જાપાનમાં અમેરિકાના રાજદૂત જ્યોર્જ એડવર્ડ ગ્લાસે સાનાય તાકાઈચીને તેમના "પ્રભાવશાળી વિજય" બદલ અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું કે તેઓ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે તેમની સરકાર સાથે કામ કરવા આતુર છે.

ગયા વર્ષે ઓક્ટોબરમાં તેમના પક્ષના નેતૃત્વની ચૂંટણી જીત્યા પછી સાનાય તાકાઈચીએ ૩૬ વર્ષમાં દેશની પ્રથમ મિડ વિન્ટર ચૂંટણી કરાવવાની જાહેરાત કરી. આ ચૂંટણીનો ઉદ્દેશ્ય જનતા પાસેથી નવો જનાદેશ મેળવવાનો હતો. તેમના નિર્ણયને એક મોટો રાજકીય જુગાર માનવામાં આવ્યો, કારણ કે તેમની લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP) એ સંસદના બંને ગૃહોમાં બહુમતી ગુમાવી દીધી હતી. કોમેતો પાર્ટી સાથેનું તેમનું લાંબા સમયથી ચાલતું ગઠબંધન પણ તૂટી ગયું હતું. તાજેતરમાં જાહેર થયેલા પરિણામોમાં શાસક પક્ષ બહુમતીનો આંકડો પાર કરી ગયો છે.

### શ્રીલંકાની જીત બાદ પોઈન્ટ ટેબલમાં મોટો ફેરફાર થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી, આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની ધમાકેદાર શરૂઆત થઈ ચૂકી છે. ટૂર્નામેન્ટને શરૂ થયાને બે દિવસ થઈ ચૂક્યા છે, ત્યારે ૬ મેચ થયા બાદ પોઈન્ટ્સ ટેબલમાં ૪ ગ્રુપની સ્થિતિ કેવી છે, તે જાણીશું. આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની શરૂઆત ૭ ફેબ્રુઆરીએ થઇ હતી. ભારત અને શ્રીલંકામાં મેચો રમાઈ રહી છે. આ ક્રિકેટનું સૌથી ધમાકેદાર અને શોર્ટ-ફોર્મેટ છે. ટી૨૦ વર્લ્ડ કપની ૧૦મી આવૃત્તિની શરૂઆત થતાં જ રસાકસી ભરેલી મેચો જોવા મળી રહી છે.

આવામાં દર્શકો પણ ભરપૂર આનંદ લઈ રહ્યા છે. આઠ વેન્યૂ, ભારત અને શ્રીલંકા મેજબાનઃ ૨૦૨૬ની ટી૨૦ વર્લ્ડ કપ આઠ સ્ટેડિયમ્સમાં સહ-મેજબાનીમાં રમાઈ રહ્યો છે. ભારત પાસે પાંચ ક્રિકેટ સ્ટેડિયમ છે. અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, કોલકાતામાં ઈડન ગાર્ડન્સ, દિલ્હીમાં અરુણ જેટલી સ્ટેડિયમ, મુંબઈમાં વાનખેડે સ્ટેડિયમ અને ચેન્નાઈમાં એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ. શ્રીલંકામાં કોલંબોમાં આર પ્રેમદાસા સ્ટેડિયમ, સિંહાલી સ્પોર્ટ્સ ક્લબ અને કેન્ડીમાં પલ્લેકેલે ઈન્ટરનેશનલ સ્ટેડિયમ મેચોનું આયોજન કરવામાં આવ્યું છે. T20 વર્લ્ડ કપનું ફોર્મેટ અને શેડ્યૂલ કેવું છે? આ ટુર્નામેન્ટમાં વીસ ટીમો ભાગ લઈ રહી છે, જેને ચાર ગ્રુપમાં વહેંચવામાં આવી છે, જેમાં દરેક ગ્રુપમાં પાંચ ટીમોનો સમાવેશ થાય છે. દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો સુપર ૮ (૨૨ ફેબ્રુઆરીથી ૧ માર્ચ)માં જશે, ત્યારબાદ ૪ અને ૫ માર્ચે સેમિફાઈનલ અને ૮ માર્ચે ફાઈનલ રમાશે. ક્રિકેટના દિગ્ગજો અને ઉભરતી ટીમો સાથે દરેક મેચ ખૂબ જ સ્પર્ધાત્મક રહેશે. ગ્રુપ Aમાં ભારત, પાકિસ્તાન, યુનાઈટેડ સ્ટેટ્સ, નેધરલેન્ડ્સ, નામિબિયા છે. ગ્રુપ Bમાં ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા, આયર્લેન્ડ, ઝિમ્બાબ્વે, ઓમાન છે. ગ્રુપ Cમાં ઈંગ્લેન્ડ, વેસ્ટ ઈન્ડીઝ, સ્કોટલેન્ડ, નેપાળ, ઈટાલી છે. ગ્રુપ Dમાં ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા, અફઘાનિસ્તાન, કેનેડા, સંયુક્ત આરબ અમીરાત છે.

ભારતીય ટીમ હાલમાં ગ્રુપ Aમાં આગળ છે. જ્યારે શ્રીલંકા, વેસ્ટ ઈન્ડીઝ અને ન્યુઝીલેન્ડ પણ તેમની પ્રથમ મેચ જીતીને ગ્રુપમાં આગળ છે. ત્રીજા દિવસે ગ્રુપ મ્માંથી ઓમાન અને ઝિમ્બાબ્વે વચ્ચે મેચ રમાશે. ગ્રુપ Dમાંથી દક્ષિણ આફ્રિકા અને કેનેડા વચ્ચે મેચ રમાશે.

### વેપારીના દીકરાએ રોડ પર મચાવ્યો ખુની તાંડવ

# વેપારીના દીકરાએ લેમ્બોર્ગિની કારથી ૬ લોકોને ઉડાવ્યા

## વેપારીના દીકરાએ જાણે પોતાનો પ્રાઈવેટ રોડ હોય એમ સમજીને લેમ્બોર્ગિની કારને ફૂલ સ્પીડમાં દોડાવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)કાનપુર, કાનપુરના પોશ વિસ્તાર VIP રોડ પર એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જ્યાં તમાકુના મોટા વેપારી કે.કે. મિશ્રાના પુત્ર શિવમ કુમાર મિશ્રાએ તેની કરોડો રૂપિયાની કાળી લેમ્બોર્ગિની કારને ફૂલ સ્પીડમાં દોડાવીને રસ્તા પર ખૂની તાંડવ મચાવ્યો હતો. વેપારીના દીકરાએ જાણે પોતાનો પ્રાઈવેટ રોડ હોય એમ સમજીને લેમ્બોર્ગિની કારને ફૂલ સ્પીડમાં દોડાવી હતી. આ દરમિયાન તેણે ૬ જેટલા રાહદારીઓને અડફેટે લીધા હતા. આ ઘટનાને પગલે સ્થાનિકોના ટોળે-ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. તો આ અંગેની જાણ થતાં જ પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. કે.કે. મિશ્રાના દીકરાએ પોતાની કારથી ૬ જેટલા લોકોને અડફેટે લીધા હતા. જેમાં તેણે એક બુલેટ ચાલકને પણ ભયાનક ટક્કર મારી હતી. જેમાં બાઈક ચાલક હવામાં ઉછળીને ૧૦ ફૂટ દૂર પડ્યો હતો. જે બાદ લેમ્બોર્ગિનીને બુલેટની ઉપર જ ચઢાવી દીધી હતી. આ અકસ્માત બાદ લોકો લાલઘૂમ થઈ ગયા હતા અને નબીરાને ઘેરી લીધો હતો. જોકે, તેના બાઉન્સરોએ આ ઘટના પર લોકોની માફી માંગવાને બદલે લોકોને ધક્કા મારીને ભગાવવાનો પ્રયાસ કર્યો હતો. એટલું જ નહીં બાઉન્સરોએ પીડિતો સાથે અભદ્ર વર્તન કર્યું હતું.

આ દરમિયાન પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને કારને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જે બાદ ઈજાગ્રસ્તોના પરિવારજનોએ પોલીસ સ્ટેશનમાં પણ જોરદાર હોબાળો કર્યો હતો. હાલ વેપારીના દીકરા અને અન્ય ઈજાગ્રસ્તોની પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ કાર સ્વરૂપ નગરના રહેવાસી કે.કે મિશ્રાના નામે નોંધાયેલી છે. ઈજાગ્રસ્તોએ ગ્વાલટોલી પોલીસ સ્ટેશનમાં કાર માલિક અને કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પહેલા ટક્કર મારી પછી બુલેટને કચડી નાખી - આ ઘટના અંગે પીડિત સોનુ ત્રિપાઠીએ જણાવ્યું કે, મારા મામાનો દીકરો વિશાલ અને હું બુલેટ પર આવ્યા હતા. પછી અમે રસ્તાના કિનારે એક દુકાન પાસે ઊભા રહ્યા હતા. આ દરમિયાન વિશાલ તો બુલેટ પર જ બેઠો હતો. અહીં દુકાન પર અમે ટી-શર્ટ જોતા હતા. ત્યારે લેમ્બોર્ગિની કારે પહેલા એક ઓટોને ટક્કર મારી. પછી અમારી બુલેટને કચડી નાખી. કારની ટક્કરથી વિશાલ પણ દૂર જઈને પડી ગયો. બીજા બે છોકરાઓ પણ હતા, તેમને પણ જોરદાર ટક્કર મારી હતી. તેઓ રસ્તા પર ૧૦ ફૂટ ઊંચા ઉછળીને દૂર ફૂટપાથ પર જઈ પડ્યા. બંનેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. આ અકસ્માતમાં એક યુવાનના ચહેરા પર ઈજા થઈ છે. તેના મોંઢાથી લોહી નીકળી રહ્યું હતું. તેને પણ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. અમે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. કોઈને ગંભીર ઈજા થઈ નથી - સેન્ટ્રલ DCP અતુલ શ્રીવાસ્તવે જણાવ્યું કે, અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા થઈ નથી. અકસ્માતમાં સંડોવાયેલી કારને ગ્વાલતાલી પોલીસ સ્ટેશન દ્વારા જપ્ત કરવામાં આવી છે. ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

### વોર્મર મશીનમાં મૂકી ભૂલી જતાં કરુણ મોત

# નર્સિંગ સ્ટાફની લાપરવાહીના કારણે નવજાતનો ભોગ લેવાયો

## મશીનનું તાપમાન વધી જતાં બાળકી ગંભીર રીતે દાઝી ગઈ અને તડપી-તડપીને તેનું મોત નીપજ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)કાનપુર, કાનપુરના બિઠૂર સ્થિત રાજા નર્સિંગ હોમમાં માનવતાને શર્મસાર કરતી એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે.

હોસ્પિટલ સ્ટાફની ઘોર બેદરકારીને કારણે એક નવજાત બાળકીને વૉર્મર મશીનમાં મૂકીને ભૂલી જવામાં આવી હતી, જેના કારણે મશીનનું તાપમાન વધી જતાં બાળકી ગંભીર રીતે દાઝી ગઈ અને તડપી-તડપીને તેનું મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ પોલીસે હોસ્પિટલને સીલ કરી દીધી છે અને જવાબદારો સામે કાર્યવાહી હાથ ધરી છે.

બિઠૂરના રહેવાસી અરુણ નિષાદની પત્ની શાલૂએ રવિવારે સાંજે એક સ્વસ્થ બાળકીને જન્મ આપ્યો હતો. નવજાત શિશુને ઠંડીથી બચાવવા માટે નર્સોએ તેને ICUમાં વૉર્મર મશીન પર રાખી હતી. જોકે, સ્ટાફ મશીન ચાલુ રાખીને તેની દેખરેખ કરવાનું ભૂલી ગયો હતો.

લાંબા સમય સુધી મશીન ચાલુ રહેવાને કારણે તેનું તાપમાન જોખમી સ્તરે પહોંચી ગયું હતું, જેનાથી માસૂમ બાળકીનું શરીર કાળું પડી ગયું હતું. જ્યારે પરિવારે બાળકીને જોવાની જીદ કરી ત્યારે નર્સોએ આનાકાની કરી હતી, પરંતુ શંકા જતા પરિવારે જ્યારે ICUમાં પ્રવેશ કર્યો ત્યારે બાળકીના માથા અને હાથના ભાગે ગંભીર દાઝેલા નિશાનો જોઈ તેમના હોશ ઉડી ગયા હતા.

આ ઘટના બાદ હોસ્પિટલમાં ભારે હંગામો મચી ગયો હતો. પોતાની ભૂલ સમજાતા ડૉક્ટર વિવેક મિશ્રા અને આખો સ્ટાફ હોસ્પિટલ છોડીને ફરાર થઈ ગયા હતા. પોલીસ અને સ્વાસ્થ્ય વિભાગે ઘટનાસ્થળે પહોંચી ICU સીલ કર્યું છે અને બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

અરુણની આ પહેલી સંતાન હતી, જેના જવાથી આખો પરિવાર ભાંગી પડ્યો છે. પરિવાર હવે હોસ્પિટલનું લાયસન્સ રદ કરવાની અને દોષિતોને જેલ ભેગા કરવાની માંગ કરી રહ્યો છે.

### પબજીની લતનો ભયાનક અંજામ

# મેરઠમાં મોડી રાતે ગેમ રમતાં યુવકનું મગજની નસ ફાટી જતાં મોત થયું

## પ્રોપર્ટી ડીલર ફારુકનો ૨૨ વર્ષીય પુત્ર મોહમ્મદ કૈફ રાત્રે હેડફોન લગાવીને મોબાઈલ પર પબજી ગેમ રમી રહ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)મેરઠ, ઉત્તર પ્રદેશના મેરઠમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં પબજી ગેમની લતેએક યુવકનો જીવ લઈ લીધો છે. ખૈરનગર ગૂલર વાળી ગલીમાં રહેતા પ્રોપર્ટી ડીલર ફારુકનો ૨૨ વર્ષીય પુત્ર મોહમ્મદ કૈફ શુક્રવારે રાત્રે હેડફોન લગાવીને મોબાઈલ પર પબજી ગેમ રમી રહ્યો હતો.

પરિજનોના જણાવ્યા અનુસાર, મોડી રાત્રે લગભગ ત્રણ વાગ્યે ગેમ રમતા રમતા કૈફ પલંગ પરથી નીચે પડી ગયો હતો. જ્યારે પરિવારજનોએ તેને જોયો અને હોસ્પિટલ લઈ ગયા, ત્યારે તેનું બ્લડ પ્રેશર ૩૦૦ને પાર પહોંચી ગયું હતું. ડોકટરોએ તેની ગંભીર હાલત જોતા તેને તાત્કાલિક દિલ્હીની હોસ્પિટલમાં રીફર કર્યો હતો.

જોકે, બે દિવસની સારવાર છતાં રવિવારે સવારે કૈફનું દુઃખદ અવસાન થયું હતું. ડોકટરોએ બ્લડ પ્રેશર અતિશય વધી જવાને કારણે મગજની નસ ફાટવી એ મોતનું કારણ જણાવ્યું હતું.

કૈફના નિધનથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે, કારણ કે તે પરિવારનો એકમાત્ર પુત્ર હતો. કૈફના જીજા શાહિદે જણાવ્યું કે કૈફ છેલ્લા ચાર મહિનાથી મોબાઈલ પર ઓનલાઈન ગેમ્સ રમવાનો શોખીન બની ગયો હતો. અગાઉ તે રીલ્સ બનાવતો હતો, પરંતુ બાદમાં તેને પબજી ગેમની જીવલેણ લત લાગી હતી. પિતા ફારુકે કહ્યું કે કૈફ રાત-રાતભર મોબાઈલ પર પબજી ગેમ રમતો હતો અને ઘણીવાર મના કરવા છતાં તે માનતો નહોતો. આ ઘટનાએ ફરી એકવાર ઓનલાઈન ગેમ્સની ઘાતક અસરો પર ગંભીર ચિંતા ઉભી કરી છે.

### પાકિસ્તાનની ISIને મોકલી સિક્રેટ જાણકારી

# અમૃતસરમાં દેશ સાથે ગદ્દારી કરતો ખેડૂત પકડાયો

## આરોપી, જેની ઓળખ હરપાલ સિંહ તરીકે થઈ છે, તે અજનાલા સેક્ટરનો રહેવાસી અને ખેડૂત છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમૃતસર, પંજાબના ગુપ્તચર વિભાગ સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન્સ સેલે અમૃતસરમાં એક જાસૂસની ધરપકડ કરી હતી, જેણે ભારતીય સેનાની ગુપ્ત માહિતી પાકિસ્તાનને પહોંચાડી હતી. આરોપી, જેની ઓળખ હરપાલ સિંહ તરીકે થઈ છે, તે અજનાલા સેક્ટરનો રહેવાસી અને ખેડૂત છે. પોલીસે આરોપી સામે કેસ નોંધ્યો છે.

અહેવાલો અનુસાર, તપાસમાં જાણવા મળ્યું છે કે હરપાલ સિંહ એક વર્ષથી પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ISI સાથે સંપર્કમાં હતો અને નિયમિતપણે ભારતીય સેના વિશે ગુપ્ત માહિતી તેમને પહોંચાડતો હતો.

એક ગુપ્ત કાર્યવાહીમાં હરપાલ સિંહની ધરપકડ કરવામાં આવી હતી. શોધખોળ દરમિયાન, તેના કબજામાંથી એક સીડી અને એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. ફોનમાંથી ઘણાં પાકિસ્તાની નંબર મળી આવ્યા હતા. સુરક્ષા એજન્સીઓ આ મામલાની તપાસ કરી રહી છે.

ગુપ્ત માહિતીના આધારે કાર્યવાહી કરતા, રાજ્ય વિશેષ કામગીરી સેલે અમૃતસરના ખાલસા કોલેજ વિસ્તારમાં નાકાબંધી કરી અને હરપાલ સિંહની ધરપકડ કરી. ૩૫ વર્ષીય આરોપી અમૃતસર જિલ્લાના અજનાલા તહસીલના સરહદી વિસ્તારનો રહેવાસી છે. તેની પ્રવૃત્તિઓ પર સુરક્ષા એજન્સીઓ પહેલાથી જ દેખરેખ રાખી રહી હતી. તેની પાસેથી મળેલી સીડીમાં લશ્કરી ડેટા અને લશ્કરી પ્રવૃત્તિઓની ગતિવિધિઓ સંબંધિત માહિતી હતી.

આરોપીનો મોબાઈલ ફોન ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યો છે. આનાથી ખબર પડશે કે તે કોના સંપર્કમાં હતો અને કયા આંતરરાષ્ટ્રીય નેટવર્ક સાથે જોડાયેલો હતો. કોલ ડિટેલ્સ, ચેટ્સ, સોશિયલ મીડિયા અને અન્ય ડિજિટલ પ્રવૃત્તિઓની પણ તપાસ કરવામાં આવશે. તેને કોર્ટમાં રજૂ કરવા અને તેના રિમાન્ડ મેળવવાની તૈયારીઓ ચાલી રહી છે.

### કુલદીપ સિંહ સેંગરની અરજી પર ૩ મહિનામાં ચુકાદો આપો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી, ઉન્નાવ દુષ્કર્મ પીડિતાના પિતાના કસ્ટડીમાં મૃત્યુના મામલે સુપ્રીમ કોર્ટે એક મોટો નિર્ણય સંભળાવ્યો છે. સર્વોચ્ચ અદાલતે દિલ્હી હાઈકોર્ટને આ પ્રકરણ સાથે સંકળાયેલી તમામ અપીલો પર ત્વરિત સુનાવણી હાથ ધરવા તાકીદ કરી છે. આ આદેશ ભાજપના પૂર્વ નેતા કુલદીપ સિંહ સેંગરની અરજી પર સુનાવણી દરમિયાન આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ કેસમાં સેંગરને ૧૦ વર્ષની જેલની સજા થયેલી છે અને તેણે પોતાની સજા પર રોક લગાવવા માટે દિલ્હી હાઈકોર્ટમાં માંગ કરી હતી. જોકે, હાઈકોર્ટે તેની માંગ ફગાવી દેતા અંતે તેણે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચ(જેમાં જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ એન.વી. અંજરિયાનો સમાવેશ થાય છે) એ સુનાવણી દરમિયાન નોંધ્યું હતું કે, આ કેસની ગંભીરતા જોતા હાઈકોર્ટે તમામ અપીલો પર 'આઉટ ઓફ ટર્ન' એટલે કે અન્ય કેસો કરતા પહેલા પ્રાથમિકતા આપીને સુનાવણી કરવી જોઈએ. આ સાથે જ સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટને આગામી ત્રણ મહિનામાં આ સમગ્ર મામલાનો નિકાલ લાવવા માટે કડક આદેશ આપ્યો છે. કોર્ટની કાર્યવાહી દરમિયાન પીડિત પક્ષના વકીલે ધ્યાન દોર્યું હતું કે, ટ્રાયલ કોર્ટના ચુકાદાને પડકારતી એક અલગ અપીલ તેમણે પણ દાખલ કરી છે, જેમાં સજાની અવધિ સહિતના મુદ્દાઓ પર વાંધો ઉઠાવવામાં આવ્યો છે. જોકે, હાઈકોર્ટના હાલના આદેશમાં આ અપીલનો કોઈ ઉલ્લેખ ન હોવાથી સુપ્રીમ કોર્ટે તેના પર હાલ તુરંત કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. આરોપી સેંગરે જેલમાં વિતાવેલા સમય અને કેસની હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને, સર્વોચ્ચ અદાલતે હાઈકોર્ટને આગ્રહ કર્યો છે કે તેઓ વહેલી તકે સુનાવણી પૂર્ણ કરી નિર્ધારિત સમયમાં પોતાનો ફેંસલો સંભળાવે. વરિષ્ઠ એડવોકેટ સિદ્ધાર્થ દવે અને સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અનુક્રમે કુલદીપ સેંગર અને ઝ્રમ્ૈં તરફથી પક્ષ રજૂ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટને એક સપ્તાહમાં અપીલ પર સુનાવણી શરૂ કરવા અને ત્રણ મહિનામાં તેનો નિકાલ લાવવા આદેશ આપતા જરૂર પડે તો બેન્ચની પુનઃરચના કરવા પણ સૂચન કર્યું છે.

### હવે ICC પર દારોમદાર

# T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાનના બોયકોટ ડ્રામા વચ્ચે BCCIનું મોટું નિવેદન

## ભારતીય બોર્ડ ICC દ્વારા લેવામાં આવેલા કોઈપણ નિર્ણયનું સંપૂર્ણપણે પાલન કરશે : BCCIના ઉપાધ્યક્ષ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી, T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૫ ફેબ્રુઆરીના રોજ કોલંબોમાં યોજાનારી મેચ અંગે અનિશ્ચિતતાના વાદળો મંડરાઈ રહ્યા છે. પાકિસ્તાને ભારત સાથે આ મેચ રમવાનો ઈનકાર કરી દેતા ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે.

હવે આ ગંભીર મુદ્દા પર BCCIના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ રવિવારે BCCIનું સત્તાવાર સ્ટેન્ડ સ્પષ્ટ કરી દીધું છે, જેનાથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે, BCCIએ આ સમગ્ર મામલો ICC પર છોડી દીધો છે. નવી દિલ્હીમાં ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરના નિવાસસ્થાન પર આયોજિત ડિનર દરમિયાન રાજીવ શુક્લાએ મીડિયા સાથે વાત કરી હતી. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, 'BCCIએ આખો મામલો ICC પર છોડી દીધો છે. ભારતીય બોર્ડ ICC દ્વારા લેવામાં આવેલા કોઈપણ નિર્ણયનું સંપૂર્ણપણે પાલન કરશે.' BCCIનું આ વલણથી દર્શાવે છે કે, તેઓ આ રાજકીય અને રાજદ્વારી તણાવ વચ્ચે ખુદને સીધા વિવાદથીદૂર રાખીને ટુર્નામેન્ટના આયોજકોના નિર્દેશોની રાહ જોઈ રહ્યા છે. કોલંબોમાં ભારત સામેની ગ્રુપ સ્ટેજ મેચ ન રમવાના પાકિસ્તાનના નિર્ણયથી ખેલ જગતને મોટો ઝટકો લાગ્યો છે. પાકિસ્તાને બાંગ્લાદેશના સમર્થનમાં આ પગલું ભર્યું હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે, જેણે સુરક્ષા કારણોનો હવાલો આપીને ભારત આવવાનો ઈનકાર કર્યો હતો. જોકે, અહેવાલોમાં એ વાતનો ખુલાસો થયો છે કે, ICC અને PCB વચ્ચેની ચર્ચા બાદ પાકિસ્તાન મેચ રમવા માટે રાજી થઈ ગયું છે. પરંતુ તેમણે ICC સમક્ષ કેટલીક શરતો મૂકી છે. મેદાનની બહાર ચાલી રહેલા વિવાદો વચ્ચે ભારતીય ટીમ પોતાનું સંપૂર્ણ ધ્યાન રમત પર કેન્દ્રિત કરી રહી છે. રવિવારે સાંજે ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે દિલ્હીમાં તેમના ઘરે આખી ટીમ માટે ડિનરનું આયોજન કર્યું હતું. આ અનૌપચારિક મુલાકાતનો હેતુ નામિબિયા સામેની આગામી મેચ પહેલા ટીમની અંદર તાલમેલ અને ઉત્સાહ વધારવાનો હતો. અમેરિકા સામેની શાનદાર જીત બાદ ભારતીય ટીમ એકદમ સંતુલિત નજર આવી રહી છે અને કેપ્ટન સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપમાં ટીમ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં પોતાની બીજી જીત નોંધાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

### સુરત સાયબર ક્રાઈમે વધુ એકની કરી ધરપકડ

# ડિજિટલ એરેસ્ટના નામે વૃદ્ધ પાસે ૨૨ લાખ પડાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત,

સુરત સાયબર ક્રાઈમને મોટી સફળતા મળી હતી. ડિજિટલ એરેસ્ટ'ના નામે વૃદ્ધોને લૂંટતી ટોળકીનો વધુ એક સાગરીત ઝડપાયો હતો. આરોપી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતો હોવાનો ઘટસ્ફોટ થયો છે. એપ્રિલ ૨૦૨૫માં સુરતના એક વયોવૃદ્ધ નાગરિક સાયબર ઠગબાજોની જાળમાં ફસાયા હતા. ઠગબાજોએ સીબીઆઈ ઓફિસર હોવાનો સ્વાંગ રચી વૃદ્ધને વીડિયો કોલ કર્યો હતો. આરોપીઓએ ડરનું વાતાવરણ ઊભું કર્યું અને વૃદ્ધને એક અઠવાડિયા સુધી 'ડિજિટલ એરેસ્ટ' રાખ્યા હતા. માનસિક દબાણ હેઠળ વૃદ્ધે પોતાની મૂડીમાંથી ૨૨ લાખ રૂપિયા આરોપીઓના બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યાર બાદ વૃદ્ધને છેતરપિંડીનો અહેસાસ થતાં સાયબર સેલમાં ફરિયાદ નોંધાવી હતી. અગાઉ આ કેસમાં અમદાવાદના કૃણાલસિંહ સિસોદિયા નામના શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. કૃણાલસિંહની સઘન પૂછપરછમાં જીગ્નેશ સુનિલકુમાર શાહનું નામ સામે આવ્યું હતું. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી અમદાવાદમાં જાળ બિછાવી જીગ્નેશ શાહને ઝડપી પાડ્યો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે જીગ્નેશ ગ્રેજ્યુએટ થયેલો છે અને હાલ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહ્યો છે. આ ઘટનાની વિગત એવી છે કે, એપ્રિલ ૨૦૨૫માં સુરતના એક વૃદ્ધને સાયબર ઠગબાજોની જાળમાં ફસાયા હતા. ઠગબાજોએ પોતે સીબીઆઈ (CBI) ઓફિસર હોવાનું કહીને વીડિયો કોલ કર્યો હતો. આરોપીઓએ વૃદ્ધને જણાવ્યું હતું કે "નરેશ ગોયલ મની લોન્ડરિંગ કેસમાં તમારા આધાર કાર્ડનો ઉપયોગ કરીને ગેરકાયદેસર ટ્રાન્જેક્શન થયા છે. તમારી સામે ગુનો નોંધાયો છે અને તમારી ધરપકડ થઈ શકે છે." આ સાંભળી ગભરાઈ ગયેલા વૃદ્ધને ઠગોએ એક અઠવાડિયા સુધી 'ડિજિટલ એરેસ્ટ' રાખ્યા હતા. આરોપીઓએ તેમની પાસેથી ૨૨ લાખ રૂપિયાથી વધુની રકમ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે જીગ્નેશ શાહ આ ગેંગ માટે 'બેંક એકાઉન્ટ પ્રોવાઈડર' તરીકે કામ કરતો હતો. તે કમિશનના લાલચે સાયબર ફ્રોડના પૈસા મેળવવા માટે ભાડે અથવા ડમી બેંક એકાઉન્ટની વ્યવસ્થા કરી આપતો હતો. પોલીસને શંકા છે કે આ ટોળકીએ અન્ય કેટલાય લોકો સાથે પણ લાખોની છેતરપિંડી કરી હોઈ શકે છે.

# દુબઈથી આવતી ફ્લાઈટમાં મુસાફર પાસેથી ૯૬ લાખની સોનાની લગડીઓ મળી આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી આજે (નવમી ફેબ્રુઆરી, ૨૦૨૬) સવારે સોનાની દાણચોરી પકડાઈ છે. દુબઈથી આવતી સ્પાઈસ જેટની ફ્લાઈટમાં સોનાની દાણચોરી ઝડપાઈ છે.

દુબઈથી અમદાવાદ આવેલા મુસાફર પાસેથી ૩૨૪.૧૪ ગ્રામ સોનાની ત્રણ લગડીઓ ઝડપી પાડવામાં આવી છે. આ ત્રણ સોનાની લગડીઓની (ગોલ્ડ બાર) બજાર કિંમત ૯૬ લાખ રૂપિયા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. આ સાથે એક અન્ડરવેરની અંદર પણ સોનું છુપાવ્યું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. સુરત એરપોર્ટ ઉપર ૮ કરોડના ગાંજાની હેરાફેરી બાદ અમદાવાદ એરપોર્ટ ઉપર આજે સવારે સોનાની દાણચોરીનો કેસ પકડાયો છે.

મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, દુબઈથી અમદાવાદ આવતી ફ્લાઈટમાં એક પેસેન્જરે બે ગોલ્ડ બાર બેગેજમાં કન્સિલ કરીને છુપાવ્યા હતા. આ ઉપરાંત બાકીનું ગોલ્ડ અન્ડરવેરની અંદર છુપાવ્યું હતું. જોકે, અન્ડરવેરમાંથી મળેલા સોનાનો જથ્થો કેટલો છે અને તેની બજાર કિંમત કેટલી છે તે અંગે હાલ તપાસ ચાલી રહી છે. કસ્ટમ વિભાગે આ અંગે વધુ તપાસ સાથે કાર્યવાહી કરવાની શરૂ કરી છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કસ્ટમ્સ વિભાગનુમ એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) અવારનવાર સોનાની તસ્કરી ઝડપી પાડતું હોય છે.

# મહુડી મંદિરમાંથી ગાયબ થયું ૧૩૦ કિલો સોનું!

(સંપૂર્ણ સમાચાર સેવા)મહુડી,

જૈનોના પ્રસિદ્ધ મહુડી મંદિરમાં ભગવાનના શરણોમાં ચઢાવવામાં આવેલ ૧૩૦ કિલો સોનાનો કોઈ જ હિસાબ મળી નથી રહ્યો. ત્યાર સત્તાનો દુરુપયોગ કરનારા સામે શ્રી મહુડી મધુપુરી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટના આજીવન સભ્યો અંકિત મહેતા અને જયેશ મહેતાએ આક્ષેપો કર્યાં છે.

મહુડી ઘંટાકર્ણ મહાવીર મંદિરનાં વહીવટમાં ગેરરિતીના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. મહુડી મંદિરના ખજાનામાંથી ૧૪ કરોડોથી વધારે અને ૧૩૦ કિલો સોનામાં ગેરરીતિ થઈ છે. નોટબંધી સમયે ૨૦% કમિશન પેટે કમિશન લઈ આર્થિક લાભ લઈ નાણાં બદલ્યાનો આક્ષેપ પણ કરાયો છે. મહુડી સંઘનાં ભૂપેન્દ્ર વોરા અને કમલેશ મહેતા પર આક્ષેપ મૂકાયો છે. મહુડી સંઘના નામે લીધેલી જમીનોના વિવાદ ચાલી રહ્યાં છે. તો આ મામલે માણસા પોલીસ સ્ટેશનમાં દસ થી વધુ ફરિયાદો કરવામાં આવી છે. મહુડી મંદીર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સામે અંકિત મહેતાએ આક્ષેપ કરતા કહ્યું કે, મહુડી ટ્રસ્ટમાં નાણાંકીય ગેરરીતિ થઈ છે. મહુડી ટ્રસ્ટમાં પીટીઆર પર નોંધાયેલા કોઈ પણ ટ્રસ્ટી નહીં. પીટીઆર ટ્રસ્ટી ન હોવાથી ખોટી રીતે ટ્રસ્ટી બન્યા છે. ચેરિટી કમિશનરની અંદર ફેરફાર રીપોર્ટ દાખલ થયા છે. પીટીઆર પર નામ ચઢેલા નથી. સંસ્થાના નાણાંમાંથી અંગત સ્વાર્થ માટે પ્રોપર્ટી ખરીદાઈ. સબરજીસ્ટ્રારમાં ખોટી રીતે ટ્રસ્ટી બન્યાં છે. માણસા કોર્ટમાં ૨૮ કેસ દાખલ કરેલા છે. ભૂપેન્દ્ર વોરાએ કન્ટેનર ખરીદી કરી છે. દોઢ કરોડની કિંમતના ૫ કન્ટેનર ખરીદ્યા છે. અંગત કામો માટે સંસ્થાની પ્રોપર્ટી તથા ગાડીનો ઉપયોગ કરે છે. સંસ્થાના નાણાં પોતાના ઘરે લઈ ગયા છે. ટ્રસ્ટ બંધ કરવા અમે અરજી દાખલ કરી છે. ૧૫ દિવસમાં હિત જણાવવા અમે નોટિસ જાહેર કરી હતી. સરકારે નિર્ણય અનામત રાખ્યો છે. રાજ્ય સરકાર સમક્ષ તાકીદે ટ્રસ્ટ બંધ કરવાની અમારી માંગણી છે. સરકાર તાકિદે ટ્રસ્ટને પોતાના હસ્તે લેવાની માંગ છે.

મહુડી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પર લાગે આક્ષેપો મામલે ટ્રસ્ટી ભૂપેન્દ્ર વોરાની પ્રતિક્રિયા સામે આવી છે. તેઓએ કહ્યું કે, અંકિત મહેતા તથા જયેશ મહેતાને મહુડી ટ્રસ્ટ સાથે કોઈ સંબંધ નથી. ૨૦૨૪ માં બન્નેનું ટ્રસ્ટી પદ રદ્દ થયું છે. ખોટા કાગળો ચેરિટી કમિશનરમાં દાખલ કરાયા હતા.

### મહાશિવરાત્રિ મેળામાં જતા ભક્તો માટે સારા સમાચાર

# ગિરનાર રોપ- વેની ટિકિટના દરમાં ઘટાડો કરવામાં આવ્યો

## મેળામાં આવતા યાત્રિકો રોજ સવારે ૦૭:૦૦ થી સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી આ ડિસ્કાઉન્ટનો લાભ લઈ શકશે

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ,

જૂનાગઢના આંગણે યોજાનાર ભવ્ય મહાશિવરાત્રિ મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓ માટે ગિરનાર રોપ-વે મેનેજમેન્ટે ખુશખબર આપી છે. રાજ્ય સરકાર અને વહીવટીતંત્રના માર્ગદર્શન હેઠળ, મેળા દરમિયાન યાત્રિકોને રોપ-વેની ટિકિટમાં ખાસ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. આ ઓફર અંતર્ગત ભાવિકો માત્ર ૬૩૦ (GST સહિત) રૂપિયાના રાહત દરે ગિરનારની યાત્રા કરી શકશે, જે સુગમ અને સુરક્ષિત પ્રવાસની તક પૂરી પાડશે. આ વિશેષ ઓફર ૧૧થી ૧૫ ફેબ્રુઆરી સુધી માન્ય રહેશે. યાત્રિકો દરરોજ સવારે ૦૭:૦૦ થી સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી આ ડિસ્કાઉન્ટનો લાભ લઈ શકશે. જોકે, સાંજે ૦૪:૦૦ વાગ્યા પછી માત્ર એક તરફની ટિકિટ જ આપવામાં આવશે. આ પાવન પર્વ પર મહત્તમ ભક્તો ગિરનારની ટોચે બિરાજતા દત્તાત્રેય દર્શન કરી શકે તે હેતુથી આ આકર્ષક યોજના અમલમાં મૂકવામાં આવી છે.

ગિરનારની ગોદમાં શરૂ થનારા મહાશિવરાત્રીના મેળાને લઈ જૂનાગઢ પોલીસ એકશન મોડમાં આવી ગઈ છે. ભવનાથ મંદિર પરિસર, યાત્રા સ્થળ અને અખાડાઓમાં ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દીધો છે. આ ઉપરાંત ભવનાથ વિસ્તારમાં સઘન ચેકિંગ શરૂ કરી દીધું છે. મહાશિવરાત્રી મેળા માટે હજારો શ્રદ્ધાળુ અને યાત્રિકો દેશભરમાંથી આવે છે. તે જોતા પોલીસ પ્રશાસને રાજ્યના મહત્વના પર્વની તૈયારીઓ પૂરેપૂરી સજ્જતા દર્શાવી છે. જીંપ, મ્હઢજી અને ડોગ સ્કવોડનીટીમોએ ભવનાથ પરિસર, યાત્રા સ્થળ અને અખાડાઓમાં ચેકિંગ કર્યું છે. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે અને સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી છે. મહાશિવરાત્રી મેળાને શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન કરવા માટે જૂનાગઢ પોલીસ તમામ સ્તરે સજ્જ હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

જૂનાગઢમાં ઓઘડની ટૂંક પર ધજાના કેસમાં નાથ સંપ્રદાયના વિરોધ બાદ આખરે ફરિયાદ નોંધાઈ છે. ભવનાથ પોલીસે બે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ઓઘડની જગ્યા નાથ સંપ્રદાયની છે. જ્યાં જૈન સંપ્રદાયનો ઝંડો લાગતા જ નાથ સંપ્રદાયના સાધુ-સંતોમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો. નાથ સંપ્રદાયના સાધુ- સંતોએ નાથ સંપ્રદાય અને જૈન સમાજમાં વૈમનસ્ય ફેલાય તેવું કૃત્ય ગણાવ્યું. આટલું જ નહીં આરોપ લગાવ્યો કે ફોટોમાં દેખાતા બંને શખ્સો ચોરીછૂપીથી ઝંડો ઉપર લઈ ગયા હતાં. જ્યાં ઓઘડની ટૂંક પર જઈ તેને લહેરાવાયો હતો. ભવનાથ પોલીસે હાલ ફોટોમાં દેખાતા બે શખ્સની શોધખોળ શરૂ કરી છે.

# અમેરિકાથી ડોલર વરસશે, રાજ્યને થશે મોટા ફાયદાઓ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

ભારત-અમેરિકા વચ્ચેની આ વ્યાપાર સમજૂતી અંતર્ગત અમેરિકાએ ભારતીય સામાન પરના ટેરિફ ૫૦ ટકાના આકરા દરોથી ઘટાડીને આશરે ૧૮ ટકા કર્યા છે, જેના પરિણામે અમેરિકન માર્કેટમાં ભારતીય ઉત્પાદનોની કિંમત સ્પર્ધાત્મક બનશે અને તેની માંગમાં મોટો વધારો થશે. જેનો સીધો ફાયદો ગુજરાતને થવાનો છે.

આજે ગુજરાત ભારતનું સૌથી મોટું નિકાસકર્તા રાજ્ય બન્યું છે. રાજ્યમાં ટેક્ષટાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી, એન્જિનિયરિંગ ગુડ્સ અને રિન્યુએબલ એનર્જી જેવા ક્ષેત્રોમાં ખૂબ મજબૂત ઔદ્યોગિક માળખું ઉપલબ્ધ છે. આ સમજૂતીથી ગુજરાતનાં આ તમામ સેક્ટર્સને નવો વેગ મળશે.

આ વ્યાપાર સમજૂતીનો સૌથી વધુ ફાયદો ટેક્સટાઈલ-કાપડ ઉદ્યોગને થવાની સંભાવના છે. ટેરિફ ઘટવાથી ગુજરાતના ગારમેન્ટ અને હોમ ટેક્સટાઈલ ઉત્પાદનો અન્ય દેશોની સરખામણીએ વધુ સ્પર્ધાત્મક બનશે. જેની મધ્યમ ગાળાના નિકાસ જથ્થામાં ૧૦૦-૧૫૦ ટકાનો વધારો થવાની પ્રબળ શક્યતા છે. જેનાથી રાજ્યના મુખ્ય ટેક્ષટાઈલ ક્લસ્ટરોમાં ઉત્પાદન વધશે, અમેરિકાથી નવા ઓર્ડર મળશે અને નફાકારકતામાં વધારો જોવા મળશે.

આ સમજૂતી ખાસ સુરત માટે નવી આશાનું કિરણ લઈને આવી છે. વિશ્વના સૌથી મોટા ડાયમંડ પોલિશિંગ હબ ગણાતા સુરતના હીરા ઉદ્યોગને આ નિર્ણયથી ખૂબ મોટો ફાયદો થશે. ટેરિફમાં ઘટાડો થવાથી ઉદ્યોગનું માર્જિન સુધરશે અને માંગમાં નવેસરથી વધારો થશે. આ ઉપરાંત અગાઉ ઊંચા ટેરિફને કારણે જે નુકસાન થયું હતું, તેની ભરપાઈ થશે અને અમેરિકન માર્કેટમાં હીરા ઉદ્યોગનો હિસ્સો ફરીથી મજબૂત બનશે.

આ ઉપરાંત રાજ્યના ભરૂચ, વાપી અને અમદાવાદ સ્થિત કેમિકલ અને ફાર્મા ક્લસ્ટરોમાં પણ આ વ્યાપાર સમજૂતી થકી ખૂબ મોટા પાયે રિકવરી થવાની આશા છે. અગાઉ કેમિકલ અને ફાર્મા ઉદ્યોગોની નિકાસમાં અંદાજે ૨૫-૩૦ ટકાનો ઘટાડો થયો હતો તેમાં હવે સુધાર આવશે અને આ ઉદ્યોગોનો વિકાસ થશે. ઘણી ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સ પર ઝીરો-ડ્યૂટી અથવા લો-ડ્યૂટીનો લાભ મળવાથી અમેરિકાના રેગ્યુલેટેડ માર્કેટમાં ગુજરાતનું સ્થાન વધુ મજબૂત બનશે.

